ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૪.૬ ડીગ્રી
લઘુતમ : ૨૯.૪ ડીગ્રી
ભેજ
સવારે ૬૫ ટકા ● સાંજે ૨૨ ટકા

# શહેરમાં સ્ટેશનરી માર્કેટમાં ભારે ઘરાકી

## બજારમાં સ્કુલને લગતી જરૂરી ચીજવસ્તુઓની ખરીદી માટે બાળકો તથા વાલીઓની ભીડ : બાળકોમાં વિવિધ કારવાળી સ્કુલ બેગ હોટ ફેવરીટ





ગાંધીનગર, તા.૮

શાળાનું ઉનાળુ વેકેશન હવે પુરું થવાના આરે છે ત્યારે બજારમાં બાળકો માટે સ્કુલની જરૂરી ચીજવસ્તુઓને લગતી શોપીંગ માટે વાલીઓની દોડધામ દેખાઈ રહી છે. શહેરમાં લગભગ બાલમંદિરનું સત્ર શરૂ થઈ ગયું છે અને પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ પણ આવનાર દિવસોમાં વેકેશન ખુલી જવાની તૈયારીમાં જ છે. શહેરની સ્ટેશનરીની દુકાનો, સ્કુલ ડ્રેસની દુકાનો, સ્કુલબેગની દુકાનો અને ડીમાર્ટ-ઓશિયા જેવા મોલમાં બાળકો અને વાલીઓની ભીડ જામી છે. શહેરના મોલમાં ચીજવસ્તુઓ માટે લોભામણી સ્કીમ રાખવામાં આવી રહી છે.

શાળાનું સત્ર શરૂ થવાના આરે છે ત્યારે શહેરમાં બાળકો અને વાલીઓની દોટ જોવા મળી રહી છે. અમુક શાળાઓમાં ફી સાથે જ સ્કુલડ્રેસ, બેગ, પુસ્તક જેવી વસ્તુઓના પૈસા લઈ ત્યાંથી જ દરેકને એક સરખી વસ્તુઓ અપાય છે તો અમુક શાળાઓમાંથી લીસ્ટ જ આપી દેવાય છે કે બાળકને કઈ ચીજ વસ્તુઓની જરુર પડશે. શહેરની દુકાનોમાં દરેક સ્કુલના ડ્રેસ કોડ મુજબ સ્કુલ ડ્રેસ આવી ગયા છે. સ્ટેશનરીની દુકાનોમાં નોટ ચોપડાનું વેચાણ ધમધોકાર થઈ રહ્યું છે. અને શહેરના મોલમાં અલગ અલગ લોભામણી સ્કીમ રાખવામાં આવી રહી છે. જેમાં અલગ અલગ પ્રકારની સ્ટેશનરી, સ્કુલબેગ, વોટરબોટલ, લંચ બોકસ, નોટ ચોપડા, કંપાસ કલર બોકસ જેવી બાળકોને જોઈતી વસ્તુઓ પર ડિસ્કાઉન્ટ આપીને વેચાણ થઈ રહ્યું છે.

શહેરના સેકટરમાં આવેલી સ્ટેશનરીની મોટી દુકાનો તથા મોલમાં સ્કુલની જરુરી ચીજવસ્તુઓ માટે ભીડ જણાઈ રહી છે તથા બાળકો પણ શાળા માટે નવી નવી નોટ, દફતર અને લંચબોકસ લેવા માટે તત્પર જણાઈ રહ્યા છે. શહેરમાં દર વર્ષની જેમ આ વર્ષે પણ અલગ અલગ જાતના કંપાસ બોકસ વેચાતા જોવા મળી રહ્યા છે. સ્કુલ બેગમાં પણ વિવિધ કારવાળી સ્કુલબેગ બાળકોમાં હોટ ફેવરિટ છે. આ ઉપરાંત ગેમ વાળા કંપાસબોકસ, કાર્ટુનવાળા લંચબોકસ પણ ડિમાન્ડમાં છે. અલગ અલગ પ્રકારની પેન પેન્સિલના બોકસ સાથે મીકીમાઉસ, બી મેન અને બાર્બી જેવા કાર્ટૂન કેરેકટરવાળી પેન્સિલ પણ બાળકોને પ્રિય છે.

## સિસિકા દ્વારા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારને સન્માનાશે

સિનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વર્ષ ૨૦૧૮-૧૯ના વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર નગરજનોને નવાજવામાં આવશે. સિસિકા દ્વારા પ્રમાણિકતા, રમતગમત, કેળવણી, સાહસ, શૌર્ય કે અન્ય ક્ષેત્રોમાં વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનારનું જુલાઈ મહિનાની માસિક સભામાં સન્માન કરવામાં આવશે. જે નગરજનોએ આ પ્રકારની કોઈ પણ સિધ્ધી પ્રાપ્ત કરી હોય તેમણે સંપૂર્ણ માહિતી આધાર પુરાવા સાથે તા. ૩૦ જુન સુધીમાં મંગળ, ગુરુ અને શનિવારે સાંજે ૬ થી ૭ કલાક દરમિયાન નમન એપાર્ટમેન્ટ સે-૨૧ કાર્યાલયમાં મોકલી આપવા સંસ્થાના મંત્રી બી.ડી. શાહ દ્વારા જણાવાયું છે.

## ફાયર એનઓસી વિના એકમો બંધ રહેતા નગર સુમસામ

સુરતની ઘટનાને પગલે ગાંધીનગરમાં ફાયર એનઓસી વિના ધમધમતા એકમો પર ફાયરની ટીમ દ્વારા તવાઈ આવી છે. ફાયર એનઓસી વિના બેરોકટોક ચાલતા વેપાર ધંધાની હાલની સ્થિતિ બંધ થઈ જાય તેવી છે. એનઓસી લેવા માટે દરેક વ્યકિત કમરકસી રહ્યો છે. શહેરમાં ટયુશન કલાસીસ, હોસ્ટેલ, હોસ્પિટલ, સ્પર્ધાત્મક પરિક્ષાના કલાસીસ, હોટેલ-રેસ્ટોરન્ટ, મોલ શાળા- કોલેજ સહિતના એકમોમાં ફાયરની સુવિધા છે કે કેમ તેની ચકાસણી કરવામાં આવે છે. ફાયર એનઓસી ના હોય તેવા એકમોને નોટીસ ફટકારવામાં આવી છે. જેથી કેટલાક દિવસથી ફાયર વિના કલાસીસ, હોટલ, હોસ્પિટલ, મોલ સહિતના વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓમાં રજાનો માહોલ ચાલી રહ્યો છે. નગરના માર્ગો પર વિદ્યાર્થી ભાઈ-બહેનોની અવર-જવર નહીવત દેખાઈ રહી છે. શહેર સુમસામ બની જવા પામ્યું છે. જયારે સિઝનમાં એકમો બંધ રહેતા કેટલાકને લાખો રૂપીયાનું વેઠવાનો વારો આવ્યો છે. જયારે કેટલાક એકમોવાળાએ તાત્કાલીક ફાયરના જરૂરીયાત મુજબના સાધનો મેળવી એનઓસી માટે લાઈનમાં ગોઠવાઈ ગયા છે. તેમ છતા ફાયર એનઓસી કયારે મળે છે તેની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. પરંતુ કર્મચારીનગરી તરીકે ગણાતા ગાંધીનગરમાં શૈક્ષણિક સંસ્થાઓમાં લાખો વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોવાથી શિક્ષણનગરી બની જવા પામ્યું છે ત્યારે ફાયર સેફટી ના હોવાથી તંત્રના આદેશને પગલે દુકાનો, હોટલ, રેસ્ટોરન્ટ, હોસ્પિટલ, ટયુશન કલાસીસ, સ્પર્ધાત્મક પરિક્ષાના વર્ગો, બંધ રહેતા શહેરમાં ભીડભાડ જણાતા વિસ્તારોમાં હાલ કોઈ જોવા મળતુ નથી. શહેરમાં રજાના માહોલમાં કેટલાક ઉનાળાની મજા માણવા માટે બીજા રાજયના પર્યટન સ્થળે પહોંચી ગયા છે.

# ઘડપણ જીવનનો સૌથી લાંબો તબક્કો, તેમાં ગમતું હોય તે કરી લેવું

## રોટરી કલબ આયોજિત 'સેકન્ડ ઈનિંગ - ગમતાનો કરીએ ગુલાલ' કાર્યક્રમમાં બી.એન. દસ્તુર, દીપક તૈરૈયા, મુસાફિર પાલનપુરી, શાહબુદ્દીન રાઠોડ વગેરેની ધમાકેદાર બેટીંગ : વડીલોએ કરાઓકે સંગીત તથા નાટકનો પણ આનંદ માણ્યો








ગાંધીનગર, તા.૮

'આ તમારું સેકન્ડ ચાઈલ્ડ હુડ છે, એવો એટીટયુડ રાખો કે દુનિયામાં મારાથી પણ કમનસીબ ઘણા માણસો છે માટે હું ભાગ્યશાળી છું. આ માટે વર્ષમાં એકવાર દુઃખ દર્શન ટુર કરો.' ૮૭ વર્ષની ઉંમરના મેનેજમેન્ટ તથા મોટિવેશનલ સ્પીકર બી.એન. દસ્તુરે આવી ચોટદાર સલાહો સાથે તેમની આગવી રમૂજ ભરી શૈલીમાં 'સેકન્ડ ઈનિંગ'નો ધમાકેદાર પ્રારંભ કર્યો હતો. રોટરી કલબ આયોજિત ગાંધીનગરના વડિલો માટેના કાર્યક્રમ 'સેકન્ડ ઈનિંગ-ગમતાનો કરીએ ગુલાલ'માં દસ્તુર સાહેબ ઉપરાંત જાણીતા ટ્રેઈનર દીપક તેરૈયા, મુસાફિર પાલનપુરી, શાહબુદ્દીન રાઠોડ સહિતના વકતાઓએ ખીચોખીચ ભરેલા ટાઉનહોલમાં ઉપસ્થિત અંદાજે ૧૨૦૦ જેટલા વડિલોને તેમની જીવનશૈલી અંગે વિચારવા મજબૂર કરી દીધા હતા. આ સાથે




કિરીટકુમાર અગ્રાવતની કરાઓકે ટીમ તેમજ કુંતલ નિમાવતના નાટકે વડિલોને આનંદ સાથે જલ્સો કરાવ્યો હતો. જયારે ડૉ. ગુંન જૈને વડિલો સાથે વાર્તાલાપ કરી તેમના જીવનમાં ડોકીયું કરવા પ્રયાસ કર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ સહિત આમંત્રિત મહાનુભાવોનું સ્વાગત સન્માન કરાયું હતું. સેકન્ડ ઈનીંગના પ્રથમ બેટસમેન તરીકે બી.એન. દસ્તુરે વિવિધ રમૂજી ટુચકાઓ સાથે વડિલોને જીવનનો અભિગમ બદલવા પ્રેરિત કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, 'પ્રોબ્લેમ શબ્દ નકામો છે તેને ડિક્ષનરીમાંથી કાઢી નાંખો, તમારા લાઈફ પાર્ટનરને હંમેશા કોમ્પ્લીમેન્ટસ આપતા રહો, તમારા સ્વાસ્થ્યની દરકાર કરો સાથે સારા ઈમોશન્સ રાખો. જે પણ કરો તે કૌશલ્ય સાથે કરો તેનું નામ જ યોગ છે.' બી.એન. દસ્તુરે શ્રીકૃષ્ણને સૌથી મોટા મેનેજમેન્ટ ગુરુ ગણાવતા કહ્યું હતું કે 'ભગવદ્ ગીતા એ કોઈ ધાર્મિક ગ્રંથ નથી પરંતુ તેમાં શ્રીકૃષ્ણએ જીવનમાં આપણે શું કરવું જોઈએ અને શું ના કરવું જઈએ તે જણાવ્યું છે.' બી.એન. દસ્તુર પછી બીજા બેટસમેન દીપક તેરૈયાએ પણ દિવસમાં એકવાર પોતાની જાતને 'કેમ છો?' પુછી લેવાનું કહી શરૂઆત કરતા કહ્યું હતું કે, 'ઘડપણ જીવનનો સૌથી લાંબો તબક્કો છે, તેમાં તમને જે ગમતું હોય તે કરી લેવું.' ઉપસ્થિત વડિલોને સંબોધી તેમણે કહ્યું કે, સમય જયારે પડખું બદલતો હતો ત્યારે તમે જન્મ્યા છો, હવે જમાનો સંયુકત કે વિભકત કુટુંબનો નહિ વિખુટા પડેલા એટલે કે 'સ્પિલ્ટ' ફેમિલીનો છે. તેમણે વડિલોને 'અમારા સમયમાં તો...' આ શબ્દો ભુલી જવાનું કહેતા સ્પષ્ટ વાત કરી કે 'હવે સમજાવવાનું છોડી સમજવાનું શરુ કરો', 'તમે રિટાયર્ડ નહી રીવાયર્ડ થયા છો' તેવો અભિગમ કેળવો અને બીજા પાસે છે તેની સરખામણી કરવાનું છોડી પોતાની પાસે જે ખજાનો છે તેની શોધ કરો. આ સાથે દીપક તેરૈયાએ વડિલોને જતું કરવાની ભાવના કેળવવા પ્રેરિત કરતા કહ્યું કે, 'જે જતું કરતું નથી તેનું બધું જ જાય છે, જે જતું કરે છે તેનું કશું જ જતું નથી.'

મશહુર શાયર મુસાફિર પાલનપુરીએ તેમની જીવનથી ભરપૂર ગઝલો તેમજ આગવી પાલનપુરી બોલીમાં કૃતિઓ રજૂ કરી વડિલોને મોજ કરાવી હતી. 'ધરી છે જયારથી કરમાં કલમ, જીવી ગયો છું' થી શરુ કરીને તેમણે 'સોગંધ જો ના પાળો, એક ઝલક દેખાડો અમને', 'ફૂલોની જેમ ખિલતા ખરતા ના આવડયું, સમજી લો તેને જીવતા મરતા ના આવડયું', 'દરિયો તો પ્રેમથી પોકારતો રહ્યો, નસીબ એના જેને તરતાં ના આવડયું', 'ઘાવ સહો અને સ્મિત વહાવો, જીવનનો એ પણ છે એક લ્હાવો', 'દિલ કે જખ્મો કો જગત સામે ખોલું જ નહિ' જેવી ધારદાર પંકિતઓ સાથેની કૃતિઓ પ્રસ્તુત કરી હતી. તાળીઓના ગડગડાટ વચ્ચે તેમણે 'દિવસે સૂરજ થઈને જો, મારી તમને એ જ અરજ છે' રજૂ કરતા કહ્યું કે 'તમે સૌ જ્ઞાનીઓ નથી પરંતુ અનુભવીઓ છો' કાર્યક્રમમાં લંચબ્રેક પહેલા ગાંધીનગરના વરિષ્ઠ કરાઓકે આર્ટિસ્ટ કિરીટકુમાર અગ્રાવત તથા તેમની ટીમે અઢળક યાદગાર જુના સુરીલા ગીતોની પ્રસ્તુતિ કરી વડલોને તેમના જમાનાની યાદ અપાવી દીધી હતી.

કાર્યક્રમના ભીજા ભાગમાં ગાંધીનગરના જાણીતા નાટયકાર કુંતલ નિમાવત તથા ટીમે 'જીવન સંધ્યાનો આનંદ' નાટકનું મંચન કર્યું હતું.




જેમાં તેમણે વડિલોને 'જીવનના કોઈ પણ તબક્કાને આનંદથી જીવવા અને ખેલદિલીથી સ્વીકારવાનો સંદેશ પાઠવ્યો હતો.' કાર્યક્રમના અંતિમ ચરણમાં પહેલા રોટેરિયન ડૉ. ગુંજન જૈને જેમનું જીવન અન્યો માટે પ્રેરણારૂપ છે તેવા ગાંધીનગરના પાંચ વરિષ્ઠ નાગરિકો જેમાં કડી કેમ્પસના ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, ડૉ. પ્રવિણભાઈ, સહયોગ મંડળના સેવાકર્મી ભગુભાઈ પટેલ, દીવાબેન ભગુભાઈ પટેલ અને નિવૃત્ત સ્ટેનોગ્રાફર પ્રવિણભાઈ જોષી સાથે વાર્તાલાપ કરી વડિલોના જીવનમાં ડોકીયું કરવા પ્રયાસ કર્યો હતો. અંતિમ ચરણમાં ગુજરાતના મશહુર હાસ્ય કલાકાર ફિલોસોફર શાહબુદીન રાઠોડે તેમની સુપ્રસિધ્ધ રમૂજી શૈલીમાં વડિલોને ખડખડાટ હસાવવા સાથે જીવનમાં પૂર્વગ્રહો છોડી આનંદ સાથે જીવન વ્યતિત કરવા પ્રેરિત કર્યા હતા. તેમણે વડીલોને જીવનના અંત સુધી સમાજમાં યોગદાન આપતા રહેવા સાથે વૃધ્ધાવસ્થાનો આનંદ ઉઠાવવા જણાવ્યું હતું.

રોટરી કલબ આયોજિત સેકન્ડ ઈનિંગ કાર્યક્રમનું પ્રભાવી અને રમૂજી શૈલીમાં સંચાલન વરિષ્ઠ રોટેરિયન તથા ઝોન-૬ના આસીસ્ટન્ટ ગર્વનર જસવંત ગાંધીએ કર્યું હતું. જયારે સમગ્ર કાર્યક્રમની સફળતા માટે રોટરી કલબના પ્રમુખ અનંત પટેલ, સેક્રેટરી ડૉ. ધર્મેન્દ્ર પટેલ, પ્રોજેકટ ચેરમેન એચ.એમ. પટેલ તથા રોટરી રોટરેકટ ટીમો અને કેએસવીના સ્વયંસેવકોએ ભારે જહેમત ઉઠાવી હતી.

### શહેરના વડીલોએ બીજી ઈનીંગના કાર્યક્રમને મનભરીને માણ્યો

**● ડો. સોમાભાઈ પટેલ**



આ કાર્યક્રમ ખૂબ જ ઉપયોગી અને સિનિયર સિટીઝનો માટે નવો પ્રાણ સંચાર કરનારો, અંધારામાં અજવાળુ પાથરનારો લાગ્યો. મોટી ઉંમરે પણ સક્રીય રહી શકાય છે એની અનુભૂતિના અનેક દૃષ્ટાંતો જોવા મળ્યા. રોટરી કલબે આ કાર્યક્રમનું આયોજન કરીને યુવાનો અને વડીલો વચ્ચે સેતુ બાંધવાનું કામ કર્યુ છે. સર્વે કાર્યકરોને ધન્યવાદ અને ઉજજવળ ભવિષ્ય માટે શુભકામનાઓ.

**● રવિ પટેલ**



રવિ આયા હૈ આપકા અભિવાદન કરતા હુઆ,
આપને ઈજાઝત દી તો મેં બોલતા હુઆ,
રોટરી કલબ ઓફ ગાંધીનગર વાલોને કયા ગઝબ કરાં,
કાગઝ કી કતરણી સે મેરા દીલ કતર કર દીયા,
કતર કરકે વહાં ગુલાબ કા ફુલ બના દીયા.
આભાર તણી લાગણીઓનો મને બહુ ભાર લાગે છે
માનીએ આપ સૌનો આભાર હવે હળવાશ લાગે છે.

**● કિશોરીબેન વૈદ્ય**



અમે જયારે પણ બીજા કાર્યક્રમમાં જઈએ એ બધા જવાનોના જ હોય છે અને જવાનીમાં બધા નાચતા કુદતા હોય અને અમે ઘરડા બેસીને જોયા કરતા હોય. પરંતુ અહીં મારા માટેનો કાર્યક્રમ કંઈક અલગ લાગ્યો. દિપકભાઈની વાતોથી પૌત્ર-પૌત્રી સાથે કઈ રીતે રહેવું તેની કંઈક અલગ જ રીત અને શીખ મળી. અને આ પ્રોગ્રામ દ્વારા અમારી ઉંમરના બધા એકબીજાને મળી શકયા તેનો મને ખુબ જ આનંદ થયો.

**● આર.ડી. ગાંધી**



રોટરી કલબ આયોજીત આ કાર્યક્રમ ખૂબ જ રસપ્રદ આનંદદાયી અને માહિતીસભર રહ્યો. રોટરી કલબે અગાઉ પણ આવા સફળ કાર્યક્રમોનું આયોજન કરેલ છે. અમારા જૈન સમાજના ઉમેદવારો ઉપસ્થિત રહ્યા તેમના માટે અલગ જૈન ફૂડની પણ વ્યવસ્થા કરાઈ તે માટે અને આવો સરસ કાર્યક્રમ કરવા બદલ રોટરી કલબના પ્રમુખ તથા સર્વે ટીમનો આભાર. આવા કાર્યક્રમો યોજાતા રહે તેવી શુભેચ્છા.

**● લલિતાબેન તૈરૈયા**



સિનિયર સિટીઝન માટેના આ કાર્યક્રમને મેં ખૂબ મન ભરીને માણ્યો. આ ઉંમરે પણ દીકરાઓ સાથે મિત્ર સ્વરૂપે રહેવું જોઈએ અને એ જે કરે તે બરાબર જ હોય તે સ્વીકારતા શીખવું જોઈએ. દરેક વસ્તુ પોતાની રીતે સંભાળતા શીખી જઈએ તે તો અહોભાગ્ય કહેવાય. પહેલા હું મારી આવડતની ચર્ચા કોઈ સાથે ન હતી કરતી પણ મને જે આવડે છે તે હું બીજાને પણ સોંપી શકું તે મને આ કાર્યક્રમ દ્વારા જાણવા મળ્યું. દીકરાના દીકરા સાથે કઈ રીતે વર્તવુ અને રહેવું તે પણ મન અહીંથી જ જાણવા મળ્યું.



**● ઉમાબા સોલંકી**

રોટરી કલબના દરેક કાર્યક્રમ સોનેરી સુત્રો સાથેના જ હોય છે. ઓલ્ડને ગોલ્ડ બનાવવાની આ રીત સાથેના સેમિનારના સુંદર આયોજન માટે અને સંસ્કૃતિની પહેચાન કરાવવા માટે સંસ્થાનો આભાર માનું છું.



**● મધુબેન પટેલ**

રોટરી કલબ દ્વારા યોજાયેલ આજનો સિનિયર સિટીઝન માટેનો કાર્યક્રમ ખૂબ જ સરસ રહ્યો. આવા કાર્યક્રમ વારંવાર યોજાતા રહે અને મને ખરેખર આજના કાર્યક્રમમાં ભાગ લઈ અનેરો આનંદ મળ્યો છે.